# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૨/ક્વા-૨/૨૧-૨૨/૫૧૨૭-૪ તા.03-0૯-૨0૨૧

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.0૨/૨0૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.0૨/૨0૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૨૨/ક્વા-૨/૨૧-૨૨**

અરજદાર : અલ્પેશ અમરશીભાઈ મુંજાત ગામ: મોરબી

પેટા વિભાગીય કચેરી : મોરબી શહેર-૧

રજૂઆત કરનાર : અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે સંકેત અમરશીભાઈ મુંજાત હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - મોરબી

રજૂઆત કરનાર : શ્રી પી.પી.બાવરવા કાર્યપાલક ઈજનેર પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – મોરબી અને તેમની સાથે શ્રી જે.જે.પરમાર નાયબ ઈજનેર શ્રી પેટાવિભાગીય કચેરી મોરબી શહેર-૧

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી – મોરબી

તારીખ: ૨૫-0૮-૨0૨૧ (બુધવાર)

૧.0 સદર કેસની સુનાવણી તા.૨૫-0૮-૨0૨૧ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.0 અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ ગ્રાહક નં – ૩૪૩0૩-0૮0૪૮-૯ થી અલ્પેશ અમરશીભાઈ મુંજાત નામે વીજજોડાણ ધરાવે છે. તેઓની દુકાનના એરિયામાં દરેક બુધવારના દિવસે બે થી ત્રણ કલાક સુધી લાઈટ કાપ હોય છે તેમ છતાં ગુરુવાર થી મંગળવાર સુધીમાં રોજ ૧ થી ૫ ટ્રીપીંગ અથવા ૩0 થી ૪0 મિનિટ સુધી પાવર કાપ હોય છે. સદર પ્રશ્ન છેલ્લા એક વર્ષથી થાય છે સદર ટ્રીપીંગના લીધે ઓફીસના સીસીટીવી કેમેરા કમ્પ્યુટર તથા વાઈ-ફાઈ રાઉટર માં વારંવાર ડેમેજ થાય છે તો સદર પાવર પ્રોબ્લેમના નિવારણ માટે અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે અરજદાર શ્રી અલ્પેશભાઈ અમરશીભાઈ મુંજાત મારુતિ એન્ટરપ્રાઈઝ રત્નકલાની સામે, લાતી પ્લોટ શેરી નં-૬, મોરબી દ્વારા વારંવાર લાઈટ બંધ થવી અથવા ફોલ્ટ થવા બાબતની અરજીના અનુસંધાને અત્રેની કચેરી દ્વારા ઉપરોક્ત અરજદારની જગ્યાએ રૂબરૂ જઈને જગ્યાનું સર્વે કરેલ.

3.૧ અરજદારનું વીજજોડાણ ૬૬ કેવી વજેપર સબ સ્ટેશનમાંથી નીકળતા ૧૧ કેવી લાતી પ્લોટ અર્બન ફીડર માંથી પાવર સપ્લાય મેળવે છે.

3.૨ અરજદારની રજૂઆત મુજબ તેઓના વીજજોડાણમાં પાવર સપ્લાય પૂરો પાડતા વીજફીડરમાં વારંવાર વીજવિક્ષેપની ફરિયાદના અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ૧૧ કેવી લાતી પ્લોટ ફીડરનું પોલ ટૂ પોલ ગ્રાઉન્ડ પેટ્રોલિંગ કરાવીને તા.૧૧.૦૮.૨૦૨૧ ના રોજ જરૂરી જગ્યાએ અને લોકેશન પર વીજ સમારકામ કરાવેલ છે તેમજ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા જુલાઈ ૨૦૨૦ થી જુલાઈ ૨૦૨૧ એમ કુલ ૧૩ મહિનાનો વજેપર સબ સ્ટેશનમાંથી મહિના પ્રમાણે વીજ વિક્ષેપનો ડેટા ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

3.3 સદર વીજ વિક્ષેપના ડેટાનો વિશેષ અભ્યાસ કરતા અરજદાર દ્વારા કરવામાં આવેલ રજૂઆત પ્રમાણેની હકીકત મેચ થતી નથી. તેમ છતાં જરૂર જણાયે સદર ૧૧ કેવી લાતી પ્લોટ ફીડરનું સમારકામ કરવામાં આવશે અને અરજદારને સંપૂર્ણ સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તે માટે પુરતા પ્રયત્નો કરવામાં આવશે. વિશેષમાં ઉપરોક્ત ફીડરનું જુલાઈ ૨૦૨૦ થી જુલાઈ ૨૦૨૧ દરમિયાન કુલ ત્રણ વાર માસ મેન્ટેનન્સ કરેલ છે. જેની તારીખ ૨૧.૧૦.૨૦૨૦, ૨૩.૧૨.૨૦૨૦ અને ૧૩.૦૧.૨૦૨૧ છે. વિશેષમાં, સદર લાતી પ્લોટ ફિડરના છેલ્લા એક વર્ષના મહિના પ્રમાણે મહત્તમ એમ્પીયર અને ટોટલ એચ.ટી., એલ.ટી. લાઈન અને કુલ ટ્રાન્સફોર્મરની વિગત ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજૂઆત મુજબ તેઓનું વીજજોડાણ ૬૬ કેવી વજેપર સબ સ્ટેશનમાંથી નીકળતા ૧૧ કેવી લાતી પ્લોટ અર્બન ફીડર માંથી પાવર સપ્લાય મેળવે છે. સદર ફીડરમાં વારંવાર વીજ વિક્ષેપને કારણે તેઓના વીજ ઉપકરણોમાં ખામી આવે છે તેવી ફરિયાદના અનુસંધાને અરજદારે સાતત્યપૂર્ણ વીજપુરવઠો મળી રહે તે બાબતે સામેવાળાને યોગ્ય કાર્યવાહી કરવા – અરજદારે અત્રેના ફોરમની સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ સદર ફીડરમાં મુખ્યત્વે એચ.ટી.લાઈનની લંબાઈ ૭.૩૦ કી.મી. તેમજ એલ.ટી. લાઈનની લંબાઈ -૧૨.૭ કી.મી. અને વીજવિતરણના ટ્રાન્સફોર્મર કુલ -૧૨૭ નંગ ધરાવે છે. વીજવિક્ષેપની ફરિયાદના અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા વીજ સમારકામની કામગીરી નીચે મુજબ કરાયેલ છે.

| ૧૧ કેવી લાતી પ્લોટ અર્બન ફિડર | |
|---|---|
| તારીખ | વીજ સમારકામની કરેલ કામગીરીની વિગત |
| ૨૧-૧૦-૨૦ | નવા જંપર કરેલ નંગ-૮ અને ટ્રી કટીંગ કરેલ લોકેશન-૧૪ |
| ૧૩-૧૨-૨૦ | નવા જંપર કરેલ નંગ-૬ અને ટ્રી કટીંગ કરેલ લોકેશન-૧૬ |
| ૧૩-૦૧-૨૧ | નવા જંપર કરેલ નંગ-૫ અને ટ્રી કટીંગ કરેલ લોકેશન-૧૨ |
| ૧૧-૦૮-૨૧ | નવા જંપર કરેલ નંગ-૮ અને ટ્રી કટીંગ કરેલ લોકેશન-૧૩ |

૪.૩ પી.જી.વી.સી.એલ. પક્ષકારની રજૂઆત મુજબ ઉપરોક્ત સદર ફીડરમાં નોંધાયેલ મહતમ એમ્પીયર લોડીંગ અને વીજવિક્ષેપની સંખ્યા જુલાઈ ૨૦૨૦ થી જુલાઈ ૨૦૨૧ સુધી નીચે મુજબ દર્શાવેલ છે.

| 11 KV Lati Plot Urban Feeder | | | | | |
|---|---|---|---|---|---|
| Month | Max. Amp. | TT (No.) | PF (No.) | LC (No.) | Remarks |
| Jul-20 | 121 | 11 | 1 | 6 | |
| Aug-20 | 137 | 16 | 3 | 10 | Due to heavy rain in Month of August-2020, interruption is more & one time SS was forced to shut down due to water logging in SS control room. |
| Sep-20 | 158 | 9 | 0 | 4 | |
| Oct-20 | 163 | 7 | 3 | 9 | |
| Nov-20 | 160 | 9 | 0 | 2 | |
| Dec-20 | 157 | 9 | 1 | 3 | |
| Jan-21 | 155 | 13 | 4 | 11 | Due to Uttarayan festival in January-21, interruption is more. |
| Feb-21 | 156 | 5 | 1 | 0 | |
| Mar-21 | 153 | 5 | 0 | 1 | |
| Apr-21 | 146 | 7 | 2 | 2 | |
| May-21 | 128 | 8 | 1 | 0 | |
| Jun-21 | 141 | 5 | 2 | 2 | |
| Jul-21 | 155 | 11 | 5 | 10 | Due to rainy season in the Month of July-2021, Interruption is more compared to other months. |

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ અને ૪.૩ મુજબની વિગતેનો અભ્યાસ કરતા સદર ફીડરમાં વીજવિક્ષેપની સંખ્યામાં વીજ સમારકામની કામગીરી કર્યા બાદ મહદ અંશે ઘટાડો નોંધાયેલ છે તેમછતાં સદર ફીડરમાંથી ગ્રાહકોને વીજ પુરવઠો સાતત્ય પૂર્ણ મળી રહે તે માટે જરૂરી સર્વે કરી અને માસ મેન્ટેનન્સની કામગીરી દિવસ-૬૦ માં પૂર્ણ કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે. વધુમાં અરજદારની મૌખિક રજૂઆત અન્વયે ફોલ્ટ નોંધણીની કામગીરી કરતા કર્મચારીને ફરિયાદ નોંધાવતા દરેક ગ્રાહકોને વિનમ્રતા પૂર્વક અને હક્કિત લક્ષી જાણકારી/જવાબ આપવાની સુચના આપવા માટે જણાવવામાં આવે છે.

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૪ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૬ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯